“મનુષ્ય કુદરતનો મહેમાન છે”.

- દાદા ભગવાન






# જગતના વિદ્યમાન પ્રમુખ ધર્મોનો સારાંશ

HOLISTIC SCIENCE RESEARCH CENTER

**Vitrag Vignan Charitable Research Foundation**

(Trust Reg.No. E/6760/Surat, 3 March 2009)

Near Mahavideh Teerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,

Ta. Kamrej ,Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750

e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org

Pan No. AABTV1268N, 80(G) No: AABTV1268N/625/15-16/T-718/80G(5)/Dated 15-02-2016

Govt. of india NITI DARPAN NGO Registration No.GJ/2017/0155433

## સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (હોલિસ્ટિક સાયન્સ) શું છે?

જ્યારે આપણે જીવનને વ્યાપક રીતે સમજીએ ત્યારે જ જીવનના ચરમ-પરમ લક્ષ્યને સમજી શકીએ છીએ. આ દુન્યવીજીવનને તેનાં માત્ર બાહ્ય પાસાંઓથી પૂરું સમજી નહિ શકાય પણ સાથે સાથે તેના આંતરિક પાસાંઓ દ્વારા પણ સમજવું જોઈએ. હોલિસ્ટિક સાયન્સનો ઉદ્દેશ્ય એ છે કે સમસ્ત શિષ્ટસાહિત્ય, વિજ્ઞાન, ટૅક્નોલૉજી, તત્ત્વજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મમાંથી પ્રાપ્ત જ્ઞાનને સંચિત કરીને માનવજીવનના યુગો જૂના તેમજ વર્તમાન પ્રશ્નોનું સમાધાન ખોળીએ જેથી આપણે એકબીજાની સાથે સુમેળભર્યું જીવન જીવી શકીએ, એકબીજાને સમજી શકીએ, અપનાવી શકીએ, પ્રેમ આપી શકીએ અને કુદરતના અણમોલ ખજાનાનું જતન કરી શકીએ. વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક વિકાસ, આપણા નૈતિકમૂલ્યો તેમજ અધ્યાત્મને પરસ્પર એકરૂપ કરીએ તો જ માનવ જીવનની સાર્થકતાનો અનુભવ થાય. સ્વાસ્થ્ય, સંપત્તિ, ઉત્કર્ષ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે હોલિસ્ટિક સાયન્સ સહુને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડે છે. આનાથી સમગ્ર માનવજાતિ સમૃદ્ધિ તરફ આગળ વધતા વૈશ્વિક પરિવારરૂપ બનવાની દિશામાં આગળ વધશે.

# જગતના વિદ્યમાન પ્રમુખ ધર્મોનો સારાંશ

:: સંપાદન ::
ડૉ. જે. પી. અમીન અને લાલાભાઈ ડી. પટેલ

***Editing Associates***
Alpa Bharuchwala * Sohini Shah

***Word Processing & Design***
Pradeep K. Patel

First Edition: May-2018 - 1000 Copies
Second Edition: October-2018 - 1000 Copies

© VVCRF 2018

*All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the Publisher.*

ISBN: 978-81-935155-5-6

Price : Rs. 40.00

***Published by:***
Vasantbhai U. Patel
Founder Trustee,
Vitrag Vignan Charitable Research Foundation
Near Mahavideh Teerth Dham,
Kamrej Char Rasta, N.H. 8, Surat 394185 India
TEL: +91-2621-250750, email: hsrcsurat@gmail.com
www.holisticscience.org

***Printed by:***
Shree Sai Art & Printers
Mo: 9824747745

## આમુખ

'આ પારકા છે' અને 'આ પોતાના છે' એ તો સંકુચિત દૃષ્ટિએ જણાય છે, પણ વિશાળ દૃષ્ટિએ જોઈએ તો સમગ્ર વિશ્વ એક કુટુંબ જ છે. એ વેદવાક્ય વૈશ્વિકરણના આ યુગમાં વધુ સાર્થક થતું જણાય છે. અત્યારના આ યુગમાં વિશાળ દૃષ્ટિ ખીલવવાની ઘણી આવશ્યકતા છે જેથી વિવિધતાભર્યા આ વિશ્વ સમુદાયમાં આપણે ખુલ્લા દિલે હળી-મળી શકીએ અને એકબીજાની સંસ્કૃતિમાં રહેલા ઉત્તમ ગુણોનું અવલોકન કરી વિશ્વબંધુત્વ કેળવી શકીએ. માનવ સંસ્કૃતિના વિકાસક્રમમાં અવાર નવાર મહાપુરુષો જન્મે છે અને સમય-સંયોગો અનુસાર અને જે તે કાળ અને પરિસ્થિતિને હિસાબે ધર્માચરણ શિખવી માર્ગદર્શન આપે છે, જેથી જુદા જુદા ધર્મોમાં વિવિધતા જણાય છે.

હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર દ્વારા સંચાલિત સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન (Holistic Science of Life & Living) કોર્સના વિદ્યાર્થીઓને તેમજ સર્વ જિજ્ઞાસુઓને ગાગરમાં સાગર જેવી આ પુસ્તિકા 'જગતના પ્રમુખ વિદ્યમાન ધર્મોનો સારાંશ' પહોંચાડતાં અમો આનંદ અનુભવીએ છીએ, જે દૃષ્ટિની વિશાળતા કેળવવામાં સહાયક થશે.

આ સંકલન માટે સ્વ. વિદ્વાન શ્રી રણછોડભાઈ પટેલ (વડોદરા) લિખિત પુસ્તક 'દાદા ભગવાનનું તત્ત્વદર્શન' તેમજ અન્ય વિવિધ ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે, જેનું સંકલન ડૉ. જે.પી. અમીન (ખંભાત) તથા શ્રી લાલાભાઈ ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રશંસનીય કાર્ય માટે તે સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

વસંતભાઈ પટેલ,
પ્રેસિડેન્ટ
હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર,
વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન, કામરેજ, સુરત
તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮

## ધર્મોની એકતા

આપણે સૌ એક પરિવાર છીએ. મનુષ્ય આ વૈશ્વિક ભાવથી દીક્ષિત થાય તો તેને પારકાના ભલામાં પોતાનું શ્રેય જણાશે. તેનો અહમ્‌નો કોશેટો તૂટી જશે. ધર્મ (ધૃ) નો અર્થ ધારણ કરવું એવો થાય છે. તે બધાને ટકાવે છે, એક કરે છે, અધોગતિ થવા દેતો નથી.

एको सद् विप्रा बहुधा वदन्ति। (ઋગ્વેદ). એક સત્યને વિદ્વાનો વિવિધ રીતે વ્યક્ત કરે છે.

'મજહબ'નો અર્થ થાય છે 'માર્ગ'-સૌની ભલાઈનો માર્ગ.

કુરાનમાં કહ્યું છેઃ "સાચે સાચ તમે સૌ મનુષ્યો એક જ પ્રજાના છો, અને એક જ પ્રભુ તમારો માર્ગદર્શક છે. તેથી તેની પૂજા કરો. લોકોએ પોતપોતાના વાડાઓ બાંધ્યા છે, પણ સૌએ એક જ પ્રભુ પાસે જવાનું છે". મહંમદ સાહેબનો ઉપદેશ છે કે, "સકળ સૃષ્ટિ પ્રભુનું કુટુંબ છે. જે આખા કુટુંબનું ભલું કરે છે તે પ્રભુને વહાલો છે".

અંગ્રેજી શબ્દ 'Religion' જે ધાતુ ઉપરથી નીકળ્યો છે તેનો અર્થ "બાંધવું" થાય છે. પંથ, સંઘ, ગચ્છ, ફિરકા, સંપ્રદાય ભિન્ન હોવા છતાં સર્વને એક સૂત્રે બાંધે તે ધર્મ. વેદ, તોરાહ, ઝન્દ અવસ્તા, ત્રિપિટક, બાઈબલ, કુરાન બધાં સત્યના એક તાંતણે બંધાઈ જવાં જોઈએ.

કુરાનની સૌથી પહેલી પ્રાર્થના છે-"એહ દેનસ્સેરાતલ મુસ્તકીમ" અર્થાત્ "અમને સન્માર્ગે લઈ જા.' ઋગ્વેદની ઋચા 'અગ્ને નય સુપથા'નો એવો જ અર્થ થાય છેઃ વેદે 'એકમેવા દ્વિતીયમ્'ની બુલંદી પોકારી હતી. મહાત્મા જરથુષ્ટ્રે કહ્યું છે ; "દુનિયાના આજ પહેલાંના ધર્મોને માનીએ છીએ. એ સર્વ ભલાઈ તરફ લઈ જનારા હતા". તથાગત કહે છે : "કેટલાયે બુદ્ધો મારા પહેલાં આવ્યા ને કેટલા યે મારી પછી આવશે. હું પુરાણા પ્રકાશને જ પ્રસારી રહ્યો છું". ઈસુએ કહ્યું છે : "હું જૂના ધર્મોનો તથા પયગંબરોના ઉપદેશોનો નાશ કરવા નથી આવ્યો, પરંતુ હું તેની પૂર્તિ સારું આવ્યો છું". ગીતાનો ઈશ્વર 'સર્વલોકમહેશ્વરમ્' છે. હસીદ સંતો જેમ પ્રબોધે છે તેમ, અહંકારી મનુષ્યને માટે ઈશ્વર કહે છે કે "હું અને તે એકી સાથે જગતમાં રહી શકીએ નહીં". જર્મન મરમી એખાર્ટ કહે છે કે, "જો માનવી ઉમદા આચરણનો હોય તો ખરેખર ઈશ્વર તેની અંદર છે, અને એની સાથે દરેક ઠેકાણે છે, તે જેમ દેવળ, રણ કે કોટડીમાં છે તેમ શેરીઓમાં અને લોકોની વચ્ચે પણ છે".

તો ચાલો, આપણે વિશ્વના વિદ્યમાન પ્રમુખ ધર્મોના મર્મનું વિહંગાવલોકન કરી સમજીએ.

# ૧. ખ્રિસ્તી ધર્મ

બાઈબલ એ ખ્રિસ્તી ધર્મનો મુખ્ય ગ્રંથ છે, જેમાં 'ગિરી પ્રવચનો' (Sermons on the Mount) ઘણાં પ્રસિદ્ધ છે.

લોકોનાં ટોળાંને જોઈને ઈસુ ડુંગર પર ચડી ગયા અને ત્યાં બેઠા એટલે તેમના શિષ્યો તેમની પાસે આવ્યા. પછી તેમને ઉપદેશ આપ્યો :

- તમે ધરતીનું લૂણ છો. તમે દુનિયાના દીવા છો. તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો.
- જે કોઈ પોતાના ભાઈ ઉપર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે. જે કોઈ પોતાના ભાઈનો તિરસ્કાર કરશે તેણે નરકના અગ્નિમાં પડવું પડશે. પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરજે અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે.
- જે કોઈ માણસ કોઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાખે છે, તે વ્યભિચાર કરી ચૂક્યો છે.
- તમારા માથાનો એક વાળ સુદ્ધાં કાળો કે ધોળો તમે કરી શકો એમ નથી.
- જો કોઈ તમારા જમણા ગાલ પર તમાચો મારે તો તેની આગળ બીજો ધરજો.
- તમારા શત્રુ પર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો.
- જ્યારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે જમણો હાથ શું કરે છે એની જાણ ડાબા હાથને થવા ન દઈશ. આમ તારો દાનધર્મ ગુપ્ત રહેશે અને ગુપ્ત કર્મોને જાણનાર તારા પિતા તને બદલો આપશે.
- તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી ઓરડીમાં જઈને બારણાં વાસજે, અને એકાંતમાં પણ વસનાર તારા પિતાની પ્રાર્થના કરજે.

ઈસુ ખ્રિસ્ત ગિરી પ્રવચનો ('Sermons on the Mount') સૌ માટે ઉપયોગી સુંદર જીવનમૂલ્યોનો નિર્દેશ કરે છે.

- જો તમે બીજાઓના અપરાધ ક્ષમા કરશો તો તમારા પરમપિતા તમારા અપરાધ પણ ક્ષમા કરશે.
- આ પૃથ્વી પર તમારી સમૃદ્ધિનો સંઘરો કરશો નહિ, પણ તમારી સંપત્તિ સ્વર્ગમાં સંઘરી રાખજો, જ્યાં કીડા કે કાટ ખાઈ ન જાય.
- તમે પરમેશ્વરને અને પૈસાને એકી સાથે સેવી નહિ શકો.
- અમે ખાઈશું શું? પીશું શું? એમ જીવનની ચિંતા ન કરશો. આકાશમાંનાં પંખીઓ જુઓ ! તેઓ નથી વાવતાં કે નથી લણતાં કે નથી કોઠારમાં ભેગું કરતાં. એટલે તમે સૌ પ્રથમ ઈશ્વરના રાજ્યની અને એણે ઈચ્છેલા

ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે. આવતી કાલ પોતાનું ફોડી લેશે.

- કોઈનો ન્યાય તોળશો નહિ. તું તારા બંધુઓની આંખમાંની રજ (નાની ભૂલો) શા માટે જુએ છે અને પોતાની આંખમાંનું તણખલું (મોટી ભૂલો) કેમ જોતો નથી?
- માગો એટલે મળશે, શોધો એટલે જડશે, ખખડાવો એટલે બારણાં ખુલી જશે.

★★★

## ૨. ઈસ્લામ ધર્મ

'કુરાને' શબ્દ 'કેરો'થી બન્યો છે. તેનો અર્થ છે જાહેર કરવું કે વાંચવું. કુરાનની 'આયાતો' વેદોની ઋચા ની જેમ છે. મહંમદ સાહેબ ઉપદેશે છે :

**કુરાને શરીફની પ્રમુખ આયાતઃ**

- શું તમે નથી જોતા કે આકાશમાં તથા પૃથ્વી પર રહેનારાં ચકલા ચકલી જેવાં પક્ષી પણ ઈશ્વરનો મહિમા ગાય છે? શું તમે નથી જાણતા કે ઈશ્વર વાદળોને ખેંચી લઈ જાય છે, તેને ભેગાં કરે છે અને તેમાંથી મેહ વરસાવે છે? તે સર્વ સૃષ્ટિનો સર્જનહાર છે, તેથી તેનું જ પૂજન કરો. ઈશ્વર ક્ષમાવાન તથા માયાળુ છે. ઈશ્વર સત્યરૂપ છે.
- જે પાપ કરે છે તે પોતાના આત્માની વિરુદ્ધ વર્તે છે; ઈશ્વર આ સર્વ જાણે છે. પાપ કર્યા પછી જે પસ્તાય છે તથા પોતાને સુધારે છે તેના ઉપર ઈશ્વર દયા વરસાવે છે.
- સૌ મનુષ્યો એક જ 'વાહિદ ઉમ્મત' (કોમ)ના છે. મુસલમાન, યહૂદી, ઈસાઈ કે સાબી (ઈશ્વરનાં પ્રતિક સૂર્ય-ચંદ્રના પૂજક) ભલે ગમે તે હોય, જેઓ ઈશ્વરને માને છે, કર્મ ફલના સિદ્ધાંતમાં વિશ્વાસ રાખે છે, તથા ભલાં કર્મો કરે છે તે સૌને પોતાના પાલક તરફથી સારાં ફળો મળશે એ નિઃસંદેહ છે. તમારા આ અલગ અલગ ધર્મો તથા કોમો એક જ ધર્મ તથા કોમ છે અને તમારા સૌનો પ્રભુ એક જ છે તેથી, એક પરમાત્માનું ધ્યાન ધરો. ધર્મના મામલામાં બળજબરીને સ્થાન નથી.
- કોઈ ઉપવાસ કરવાને બદલે ગરીબને જમાડે તો તેને ઉપવાસ કરવાની જરૂર રહેતી નથી. જો શેતાન તમને ક્રોધિત કરવા લાગે તો ઈશ્વરને શરણે જાઓ.
- પોતાનાં મા-બાપ સાથે સદાચારથી વર્તો. બંને બુઢ્ઢાં થઈ જાય તો તેમને લેશ પણ માઠું ન લાગવા દો. એમની સાથે વાતચીત કરો તો પ્રેમથી અને નમ્રતાથી કરો.
- વ્યભિચારથી દૂર રહો, ખરેખર તે માર્ગ ગંદો અને ખોટો છે.

- કોઈ અનાથના ધનની ઈચ્છા માત્ર ન રાખો.
- જ્યારે કોઈને કોઈ પણ ચીજ માપીને આપો તો બરાબર માપજો, તોલીને આપો તો ત્રાજવું ને કાટલાં સાચાં રાખજો.
- જે વાતનું તમને પૂરૂં જ્ઞાન નથી તેને પકડી ન રાખો. ખરેખર તમારાં કાન, આંખ અને હૃદયને સૌને પૂછવામાં આવશે કે તેમણે કેવાં કેવાં અને કયાં કયાં ભલાં-બૂરાં કર્મો કર્યા હતાં.
- સત્યને અસત્યથી ન ઢાંકો.
- ગરીબોને દાન આપો.
- કોઈનો માલ હડપવાનો પ્રયત્ન ન કરો.
- ઈશ્વરનાં કાર્યોમાં પોતાનું ધન વાપરો.
- વ્યસન અને દ્યૂત (જુગાર)થી ચેતીને ચાલજો.
- ધનદોલત અને સંતતિ આ દુનિયાનાં શણગાર છે પરંતુ સત્કર્મો સ્થાયી છે.
- જો કોઈ તમારી બૂરાઈ કરે તો તેને પ્રમાણસર જ સજા કરી શકો છો; પણ જે ક્ષમા આપે છે તથા આ રીતે ખરાબ કરનારને સુધારે છે તેને પ્રભુ ઈનામ આપે છે.
- ખરેખર દરેક આપત્તિ સાથે તેનો ઉકેલ પણ છે.
- વિચાર કરો, આ દુનિયાનું જીવન શું છે? ખેલકૂદ, નાટક, બીજાની પાસે પોતાની બડાઈ કરવી, ધન દોલત તથા સંપત્તિ વધારવામાં બીજાઓને પરાસ્ત કરવાનો પ્રયત્ન કરવો – બસ, આ જ દુનિયાની જીંદગી છે? આ દુન્યવી જીવન માયા માત્ર છે.

★★★

## ૩. ‘તાઓ’ ધર્મ

‘તાઓ તે ચિંગ’ માં કહ્યું છેઃ

- તાઓ અસીમ છે. એની અગાધતામાંથી સર્વ કંઈ પેદા થયું છે. તાઓ અગ્રાહ્ય છે. તાઓ અચિન્ત્ય છે. તાઓનું અનુસરણ એ મહાન ધર્મ છે. સ્વયંસિદ્ધ તાઓ અનામ છે. મહાન તાઓ સર્વવ્યાપી છે.
- આસક્તિ છોડીને કામ કરો.
- કર્તાપણાનું અભિમાન રાખ્યા સિવાય કાર્ય કરો.

- લાભનું ધ્યાન રાખ્યા વગર આગળ વધો.
- જે પોતાને જાણે છે તે અન્તર્જ્ઞાની છે. જે પોતાને જીતે છે તે પરમ સમર્થ છે. જે પોતાની જગ્યા પર છે તે સ્વસ્થ છે, સુરક્ષિત છે.
- શુદ્ધ ધર્માચરણ સ્વાભાવિક થાય છે.
- જ્ઞાની સત્યનું પલ્લું પકડે છે, દેખાવનું નહીં.
- ઘર રત્નોથી ભરી દેશો તો તેની રક્ષા કોણ કરી શકશે?
- માન અને અપમાન ભયરૂપ છે.
- જે વિવાદ કરે છે તે તાઓને જાણતો નથી. મોં બંધ રાખો. ઈન્દ્રિયોનો સંયમ કરો, ખૂણાઓને સીધા કરી લો. સાદગી ગ્રહણ કરો. ધૂળની જેમ નમ્ર બનો. મોં બંધ કરો, આંખ અને કાન પણ બંધ કરો, અને જન્મભર તમને ઉપદ્રવ થશે નહીં. પોતે પોતાની પ્રશંસા કરવાથી આદર નથી મળતો.
- જે સંતુષ્ટ રહે છે તેનો નાશ નથી થતો. જે શાંત રહે છે તેની પર કદી સંકટ આવતું નથી.
- વિષય-વાસનામાં રમમાણ જેવું કોઈ પાપ નથી.
- લોભથી વધારે કોઈ અનર્થ નથી. સંતોષમાં શાશ્વત સુખ છે.
- તમારામાં જે ભર્યું છે તેનો નિકાલ કરો. બિલકુલ ખાલી થઈ જાઓ, કોરા થઈ જાઓ. તું જ્યાં છે ત્યાં નિશ્ચિન્ત રહે.
- ઈન્દ્રિયોના વિષયોની લાલસા છોડશો તો મન શાંત રહેશે.
- અકર્મથી કર્મ કરો. શિશુ સમાન નિષ્કપટ રહો, પ્રસન્ન રહો.
- જે નમ્ર બને છે તે ઊંચે જાય છે. તે પ્રદર્શન કરતો નથી તેથી ચમકે છે. તે શૂન્ય થઈ જાય છે તેથી તેનો આદર થાય છે.
- જ્ઞાની સંગ્રહ કરતો નથી. બીજાને જેટલું આપે છે તેટલું તેની પાસે રહે છે. તે કોઈને કષ્ટ દેતો નથી.
- વ્યવહાર સાધનોથી જે અલિપ્ત છે તે રાજા બને. હથિયાર અશુભ-સૂચક છે. યુદ્ધવિજય પર ખુશ થવું એ રક્તપાત પર ખુશ થવા જેવું છે.
- તાઓ કોઈનો પક્ષપાત કરતો નથી. તાઓવાદી હથિયાર ઉઠાવ્યા વિના લોકોને જીતે છે. તે કર્મફળની ચિંતા કરતો નથી.
- તાઓ હૃદય-પરિવર્તનનો ધર્મ છે.

★★★

## ૪. કન્ફયૂશિયસનો બોધ

કન્ફયૂશિયસનો બોધ આપણા દૈનિક વ્યવહારિક જીવનને ઉપયોગી છે.

**તે ઉદ્‌બોધે છે :**

- ખોરાક અને રહેઠાણની બાબતમાં સાધુ પુરુષ વિપુલતા અને સુખ સામગ્રીની અપેક્ષા રાખતો નથી.
- મા-બાપ જીવતાં હોય ત્યાં સુધી યોગ્ય ભાવથી તેમની સેવા કરવી જોઈએ.
- સાચદિલી અને સત્યની સાથે પોતાના આત્માને સંસ્કારી બનાવવાની કામના પણ તમે રાખો. સુનીતિના માર્ગથી ચ્યુત થવું એના કરતાં તે માટે તમારી જિંદગી પણ અર્પવાને તત્પર રહો.
- આત્મસંયમના આંતર નિયમને આધીન થયા વિના તમારી આંખ, તમારા કાન, તમારી વાણી અને તમારી હલનચલનની શક્તિનો કદી ઉપયોગ ન કરો.
- અંતઃકરણના અવાજને માન્ય રાખવાની ટેવ અને પ્રામાણિકપણું એ બે તત્ત્વોને તમારાં માર્ગદર્શક બનાવો.
- કુટુંબ એ જ સમાજની સકુંલ રચનાનું માનવંતુ એકમ છે. કુટુંબમાં પિતા પુત્રાદિ સ્નેહની સાંકળથી સંકળાયેલા હોવા જોઈએ. તેઓમાં સંપૂર્ણ સહકાર હોવો જોઈએ. તેઓ પોતપોતાના ધર્મ બરાબર પાળતા હોવા જોઈએ.
- તમારે અન્યાયને સાટે ન્યાય આપવો અને અપકારને સાટે ઉપકાર આપવો એ હું વધારે ઈચ્છવા યોગ્ય ગણું છું.
- તમારા પ્રત્યે કરવામાં આવે તો તમને જે ન ગમે, એવું કૃત્ય તમે કોઈના પ્રત્યે કરશો નહીં.
- નૈતિક ગુણસંપત્તિ પાંચ ખાસ ગુણોને ગમે તે સ્થળે અને ગમે તે પ્રસંગે પ્રયોજવાના સામર્થ્યમાં રહેલી છે. એ પાંચ ગુણો આત્મગૌરવ, ઉદારતા, સાચદિલી, એકનિષ્ઠા અને કલ્યાણવાંછના છે.
- કવિતા વડે ચારિત્ર્યનું ઘડતર થવા દો. સદ્‌વર્તનના નિયમો વડે એને સુસ્થાપિત કરો. સંગીત વડે એને પરિપૂર્ણતા અર્પો.
- જો શબ્દ અને અર્થનો સુમેળ રહે નહીં તો જાહેર કામકાજ થયા વગરનું જ રહે. ('રાજા' શબ્દમાં જ એની ફરજો સમાઈ જાય; 'પુત્ર' શબ્દમાં જ એના ધર્મો આવી જાય. એ ફરજો અને એ ધર્મો તેમણે બજાવવાં જ જોઈએ.)
- મનન વિનાનું શ્રવણ વ્યર્થ છે, શ્રવણ વિનાનું મનન જોખમકારક છે.
- મને નોકરી નથી મળતી એવી ચિંતા કરવાને બદલે હું નોકરી માટે લાયક કેવી રીતે થાઉં તેના વિચાર કરવાની કાળજી રાખો. મને કોઈ પિછાનતું નથી એવો શોક કરવાને બદલે બધા તમને પિછાને એવી લાયકાત મેળવવાનો પ્રયત્ન કરો.
- પ્રકૃતિથી માણસો લગભગ સરખા છે; આચરણના ભેદ વડે તેઓ એકબીજાથી અત્યંત અલગ થઈ જાય છે.

- પૂજાની ધર્મભાવના જો ન હોય તો એને ધર્મવિધિ કોણ કહેશે ?

★★★

## ૫. પારસી ધર્મ :

અશો જરથુષ્ટ્ર પ્રબોધે છે : હુમત હૂખ્ત હ્વરશ્ત-સત્ વિચાર કરો. સત્ વચન બોલો. સત્ કર્મ કરો.

પારસીઓનું ધર્મપુસ્તક અવેસ્તા. તેમના ધર્મનું સારતત્ત્વ આ છે-

- બધાની ઉપર ઈશ્વર છે. એની બધા કરતાં ઊંચી સત્તા છે.
- જીવન પ્રકાશનો દાતા છે, તે સત્‌નું પ્રતીક છે.
- મૃત્યુ એ અંધકારનું દાતા છે, તે અસત્‌નું પ્રતીક છે.
- આખો સંસાર સત્ અને અસત્‌માં બંધાયો છે.
- મનુષ્ય સ્વતંત્ર છે, ઈચ્છે તે માર્ગને તે પસંદ કરી શકે છે. તેની સદ્‌ગતિ કે દુર્ગતિ એના હાથમાં છે. તે પોતાના ભાગ્યનો વિધાતા છે.
- સત્‌નું બાહ્ય પ્રતીક અગ્નિ છે તેથી પારસી લોક અગ્નિની ઉપાસના કરે છે.
- સદ્‌વિચાર, સદ્‌વચન, સત્કર્મથી મનુષ્યનું કલ્યાણ થશે. ઈશ્વરનું કલ્યાણદાયી શાસન પ્રવર્તે છે.

★★★

## ૬. શીખ ધર્મ

- 'સિક્‌ખ' (શીખ) શબ્દ સંસ્કૃત 'શિષ્ય' ઉપરથી આવેલો છે. કેટલાક પંડિતો એમ માને છે કે તે પાલિ 'સિખ' ઉપરથી ઊતરી આવેલો છે. 'સિખ' એટલે પસંદ કરેલા-ઈશ્વરે પસંદ કરેલા. શીખ ધર્મમાં બીજો એક પ્રચલિત શબ્દ 'ખાલસા' છે, જે મૂળ ફારસી 'ખાલિસહ' અર્થાત્ પરિશુદ્ધ ઉપરથી બનેલો છે. શીખો દૃઢપણે માને છે કે શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકની અંતઃજ્યોતિ દરેક અનુગામી ગુરુમાં અવતરે છે એ નિઃશંક છે. નાનક હતા નિરંકારી-નિરાકાર પરમાત્માના.

શીખોનું ધર્મપુસ્તક 'જપુજી': તે નાનકદેવની રચના છે. પારસીઓ ગાથા પર, જૈનો સમણસુત્તં પર, બૌદ્ધો

ધમ્મપદ પર, હિંદુઓ ગીતા પર, મુસલમાનો કુરાન પર, ખ્રિસ્તીઓ બાઈબલ પર, અને યહૂદીઓ તોરાહ પર જેવી શ્રદ્ધા રાખે છે તેવી જપુજી પર શીખો શ્રદ્ધા રાખે છે.

- એક ૐકાર સતિનામુ કરતા પુરખુ નિરભઉ।

  નિરવૈરુ અકાલ મૂરતિ અજૂની સૈભંગુરુપ્રસાદિ॥

"તે એક છે, ૐકાર છે, સત્ય એનું નામ છે. જગત્કર્તા સમર્થ પુરુષ છે. તે નિર્ભય, નિવૈર, અવિનાશી, અજન્મા, અને સ્વયંભૂ છે. ગુરુકૃપાથી પ્રાપ્ત થાય છે".

ઉપર્યુક્ત શીખોનો મૂલમંત્ર છે. તેમાં શીખધર્મનું સમગ્ર તત્ત્વ આવી જાય છે. પ્રત્યેક શીખે અમૃતપાન કરતાં આ મંત્રનું પાંચ વખત રટણ કરવું પડે છે. આ મૂલમંત્ર 'ગુરુ ગ્રંથસાહેબ'ના દરેક રાગના આરંભે પ્રયોજાય છે. એનું સંક્ષિપ્ત રૂપ '૧ ૐકાર સતિગુરુ પ્રસાદિ' છે.

- નાનકે કહ્યું : "જો માનો તો મારી એક આજ્ઞા છે. જ્યારે તમારા પોતાના બળનો અભાવ થઈ જાય, અથવા એનાથી કંઈ કાર્ય ન બને ત્યારે, બે હાથ જોડીને ઈશ્વરનું શરણ લઈ લેવું".

એમણે ઉપદેશ્યું કે, " 'વાહિગુરુ' (વિસ્મયકારી પરમાત્મા) એ નામ કંઈ જીભથી જ રટવાનું નથી. પરંતુ મનુષ્યે એની સર્વજ્ઞતા અને સર્વશકિતમાનપણાને લક્ષમાં રાખીને સાક્ષાત્ એનું સાન્નિધ્ય છે જ એવી દૃઢ શ્રદ્ધાથી એની નિરંતર હાજરી અનુભવવાની છે. એને ભક્તિથી ભરપૂર હૃદયમાં સ્થાપીને અકાર્ય કરતાં બીવાનું છે".

**ગુરુ નાનકે કહ્યું :**

- "પ્રભુને નામે ધન વાપર. ગરીબોને ભોજન આપ. વહેંચીને ખા. આમ કરીશ એટલે ધન સાથે આવશે".
- આત્મારૂપી તીર્થમાં નિવાસ કરવાથી સત્યનું જ્ઞાન મળે.
- જો તને કાળનો ભય લાગતો હોય તો તું કાળના ય કાળરૂપ પરમાત્માનું શરણ ગ્રહણ કર. એ મળે એટલે પરમ સુખ મળે. અને યમદૂત તો ઝેર ખાઈને મરી જાય. માટે જેમ ગાયનું ધ્યાન સદાકાળ વાછરડામાં જ રહે છે એમ તું ધ્યાન સત્યમાં લગાડી દે. મુખથી નામ જપજે અને ચિત્તમાં પ્રભુસ્મરણ એકતાર રાખજે.
- તું નિયતને શુદ્ધ કર એટલે ખુદાના દરબારમાં તારો સ્વીકાર થશે.
- નાનક કહે છે : "જે કંઈ એણે લખ્યું હોય છે તે જ પ્રાપ્ત થાય છે".
- સતનામની ખુમારીનો ઉપદેશ આપતા નાનક કહે છે : "ભાંગ, શરાબ વગેરેનો નશો તો સવાર થતાં થતાં ઊતરી

જશે, એને બદલે નામની ખુમારીનો નશો ચઢાવ. એ નશો તો નિરંતર ઉતરશે જ નહિ''.

- નાનક કાબાના તરફ પગ રાખીને ઊંઘી ગયા. પ્રાતઃકાળે નમાજ પહેલાં સફાઈ માટે ઝાડૂવાળો જીવનશાહ આવ્યો. તે ખિજાયો, અને ગુરુને લાત મારીને બોલ્યો : ''અલ્યા તું કોણ છે ? ખુદાના ઘરની તરફ પગ રાખીને કેમ સૂતો છે?'' નાનકે કહ્યું, ''ખુદાના પ્યારા! ગુસ્સો ન કરીશ. જે દિશામાં ખુદા અને તેનું ઘર ન હોય એ દિશામાં મારા પગ મૂકી દે !''

★★★

## ૭. યહૂદી માર્ગ

યહૂદી પ્રજાનો ઈતિહાસ અસામાન્ય, દર્દભર્યો, મરમાર્થી અને જ્વલંત છે. વિશ્વ-સંસ્કૃતિમાં યહૂદીઓનું યોગદાન અપૂર્વ અને નિરાળું છે.

યહૂદીઓ યહોવાના પૂજક છે. તેઓ માને કે,

ઈશ્વર જીવ અને જગતના રચનાર છે.

ઈશ્વર એક છે.

ઈશ્વર પ્રેમમય છે.

ઈશ્વર કરુણામય છે.

ઈશ્વર સર્વવ્યાપી છે.

ઈશ્વર નિકટમાં નિકટ છે.

ઈશ્વર દૂરથી પણ દૂર છે.

ઈશ્વર અંધકારની જેમ રહસ્યમય છે.

ઈશ્વર સૂર્યના પ્રકાશવત્ સ્પષ્ટ છે.

ઈશ્વર સત્કર્મથી, પ્રેમથી, કરુણાથી અને સૌની સાથે સ્નેહસભર વ્યવહાર કરવાથી પ્રસન્ન થાય છે. ઈશ્વરનું નામ છે 'યહોવા'.

### યહૂદી ધર્મનો ધ્વનિ એ છે કે :

- ઈશ્વર એક છે. એને પ્રેમ કરવો હોય તો મનુષ્ય સાથે પ્રેમ કરો, આપણા ભાઈઓને પ્રેમ કરો. એ પ્રેમ પૂરા મન, વચન, અને કર્મથી થવો જોઈએ.

- અન્યાય ન કરો. શોષણ ન કરો. વ્યાજ ન લો. કોઈને સતાવો નહીં. જમીનની સેવા કરો. ગુલામોને મુક્ત કરો. સદાચારનું પાલન કરો. શ્રમ કરો. લાલચ ન કરો.
- પ્રેમ, કરુણા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, શ્રમનિષ્ઠા, ભૂમિની સેવા, દુખિયાની શુશ્રૂષા, પીડિતો અને વિધવાઓની દરકાર, સદાચાર અને પવિત્રતા એ યહોવાને પ્રસન્ન કરવાના ઉપાય છે.

  મિસ્રને છોડ્યા પછી ત્રણ મહિના પછી મૂસાએ સિનાઈ પર્વત પર યહોવાની પવિત્ર વાણી શ્રવી; અને તેમને દસ પવિત્ર આદેશ મળ્યા. એ આદેશો યહૂદી ધર્મનો બુનિયાદ છે.
- યહોવા પરમેશ્વર છે. તેની પૂજા કરો, બીજાની નહીં. એમનું નામ અર્થ વિના ન લેવું. છ દિવસ કામ કરો. અને સાતમા દિવસે વિશ્રામ. માતા-પિતાનો આદર કરો, ન હત્યા કરો, ન વ્યભિચાર. ન ચોરી કરો, ન જૂઠી સાક્ષી પૂરો. કોઈની સંપત્તિની, સ્ત્રીની, દાસ-દાસીની, ગાય-બળદની, ઘેટી-બકરી આદિની લાલચ ન કરો.

★★★

## ૮. બૌદ્ધ ધર્મ

બિલકુલ પાપ ન કરવાં, 'કુશલ ધર્મ', અર્થાત્ પુણ્યોનો સંચય કરવો અને આપણું ચિત્ત પરિશુદ્ધ રાખવું. એ બૌદ્ધોની શિક્ષા છે.

**બૌદ્ધોની શિક્ષા છે કે :**

- નિંદા ન કરવી.
- હિંસા ન આચરવી.
- આચાર નિયમ દ્વારા સંયમ રાખવો.
- મિત ભોજન કરવું.
- એકાંતમાં વાસ રાખવો.
- ચિત્તને યોગમાં લીન રાખવું.

**આર્યસત્ય-ચતુષ્ટય :**

૧. દુઃખ છે. જન્મ દુઃખ છે; જરા દુઃખ છે, વ્યાધિ દુઃખ છે, મૃત્યુ દુઃખ છે. અપ્રિયનું મિલન દુઃખ છે. પ્રિયનો વિયોગ દુઃખ છે. ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત ન થાય એ દુઃખ છે. સંક્ષેપતઃ રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન

(consciousness ) એ પંચોપાદન સ્કંધ (સમુદાય) દુઃખ છે.

૨. દુઃખ સમુદાય એ બીજું આર્ય સત્ય. તૃષ્ણા એ પુનર્ભવાદિ દુઃખનું મૂળ કારણ છે. તૃષ્ણા રાગની સાથે ઉત્પન્ન થાય છે. સાંસારિક ઉપભોગની તૃષ્ણા, સ્વર્ગ લોકમાં જવાની તૃષ્ણા યા આત્મહત્યા કરીને સંસારથી લુપ્ત થઈ જવાની તૃષ્ણા, એ ત્રણ તૃષ્ણાઓને લીધે મનુષ્ય અનેકવિધ પાપાચરણ કરે છે અને દુઃખ ભોગવે છે.

૩. દુઃખ નિરોધ એ ત્રીજું આર્યસત્ય. તૃષ્ણાનો નિરોધ કરવાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

૪. દુઃખ નિવારણગામિની પ્રતિપદા. એ ચોથું આર્યસત્ય. એનાં આઠ અંગ છે.

**બુદ્ધ પ્રબોધે છે :**

- અમૃતની ખેતી કર.
- બીજાની ત્રુટિઓ યા કૃત્ય અગર અકૃત્યોની ખોજ ન કર. તું તારી ત્રુટિઓ અને કૃત્ય-અકૃત્ય પર વિચાર કર.
- પાપ-કર્મ દૂધની જેમ તરત જામી જતાં નથી; તે તો ભસ્મમાં ઢંકાયેલા અગ્નિની સમાન ધીમે ધીમે જલતાં જલતાં મનુષ્યનો પીછો પકડે છે.
- જેમ મહાન પર્વત હવાના સપાટાથી વિકંપિત થતો નથી તેમ બુદ્ધિમાન લોકો કોઈની નિંદા કે સ્તુતિથી વિચલિત થતા નથી.
- સહસ્ત્ર અનર્થક વાક્યો કરતાં એક સાર્થક પદ શ્રેષ્ઠ છે, જેને સાંભળીને શાંતિ પ્રાપ્ત થાય છે.
- એક દિવસનું સદાચારયુક્ત જ્ઞાનપૂર્વક જીવવું એ સો વર્ષના શીલરહિત અને અસમાહિત જીવનથી સારું છે.
- મનુષ્ય સ્વયં પોતાનો સ્વામી છે.
- રાગ સમાન કોઈ આગ નહીં, દ્વેષ સમાન કોઈ પાપ નહીં. પંચસ્કંધો (રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન) સમાન કોઈ દુઃખ નહીં અને શાંતિની સમાન કોઈ સુખ નહીં. બીજાના દોષ જોવા એ સહેલું છે, કિંતુ પોતાના દોષ જોવા કઠિન છે.
- એ અસલમાં ભિક્ષુ છે, જેણે નાનાં-મોટાં બધાં પાપ ત્યાગી દીધાં છે, જેનાં પાપ શમિત થઈ ગયાં છે, તેને ''શ્રમણ'' કહે છે.
- સર્વ પ્રાણીઓની સાથે જે અહિંસાનો વર્તાવ કરે છે તે આર્ય છે.
- બીજાને દુઃખ દઈને જે પોતાનું સુખ ચાહે છે તે વેરની જાળમાં ફસાઈ ગયેલો હોઈ છૂટી શકતો નથી.
- જે શરીરની અનિત્ય ગતિનો નિત્ય વિચાર કરે છે, જે અકર્તવ્યથી દૂર રહે છે અને કર્તવ્ય કૃત્યને કરે છે એવા જ્ઞાની વ્યક્તિના આસ્રવ અસ્ત થઈ જાય છે.

- જે પુરુષ રાગ દ્વેષાદિ કષાયોને છોડ્યા વિના કષાય (ભગવાં) વસ્ત્ર ધારણ કરી લે છે, અને જેનામાં સંયમ અને સત્યનો અભાવ છે તે કષાય વસ્ત્ર ધારણ કરવાનો અધિકારી નથી.
- પોતાની જાતે પોતાને ઊઠાવો, જાતે જ પોતાની પરીક્ષા કરો. એ રીતે તું તારી જાતે જ તારી રક્ષા કરતો, વિચારશીલ હોઈ, સુખપૂર્વક આ લોકમાં વિહાર કરીશ.

## ૯. બહાઈ ધર્મ

**બહાઈ ધર્મના મુખ્ય સિદ્ધાંતો :**

૧. ઈશ્વર એક છે.
૨. બધા ધર્મો એક છે.
૩. સમગ્ર માનવજાતિ એક છે.
૪. બધા પ્રકારના પૂર્વગ્રહોનું નિર્મૂલન.
૫. વ્યકિત પોતે સત્યની શોધ કરે.
૬. એક વધારાની વૈશ્વિક ઉપભાષા હોવી જોઈએ.
૭. સ્ત્રી-પુરુષ સમાનતા.
૮. સાર્વત્રિક શિક્ષણ હોવું ઘટે.
૯. વિજ્ઞાન અને ધર્મનો સુસંવાદ હોવો ઘટે.
૧૦. સંપત્તિ અને કંગાલિયતની અતિશયતાનું નિર્મૂલન.
૧૧. એક વિશ્વ-સરકારની રચના થાય.
૧૨. સાંસ્કૃતિક વિવિધતાનું સંરક્ષણ થાય.

બહાઈ ધર્મના સ્થાપક બહા 'ઉ'લ્લાહ છે. તેમનો ધર્માદેશ એ છે કે :

"સમૃદ્ધિમાં ઉદાર બનો, અને વિપત્તિમાં પ્રભુને ધન્યવાદ આપો. પોતાના પાડોશીના વિશ્વાસને લાયક બનો, અને તેને પ્રસન્નતા અને સ્નેહની લાગણીથી નિહાળો. નિર્ધનો માટે એક ખજાનો, અને ધનિકો માટે ચેતવણી બનો. કંગાલોની કંગાલિયતને નિવારનાર અને પ્રતિજ્ઞાપાલક બનો".

તમારો નિર્ણય ન્યાયપૂર્ણ રહો, અને તમારી વાણીમાં સંયમ રહો, કોઈ પણ માનવી પ્રત્યે અન્યાય ન કરો, અને બધા માનવીઓ પ્રત્યે વિનમ્ર રહો. અંધકારમાં ભટકનારાઓ માટે દીપક સમાન બનો, શોકાતુર માટે આનંદ, તૃષાતુર માટે એક સાગર, અને વિપત્તિમાં પડેલા લોકો માટે આશ્રય બનો, અને અન્યાયપીડિત વ્યકિત માટે રક્ષક અને અવલંબન-દાતા બનો. ઈમાનદારી અને સદાચારને લીધે તમારા સઘળાં કાર્યો બીજાઓથી નિરાળાં જ રહો. અજાણ્યાને ઘરની મમતા આપો. કષ્ટપીડિત માટે શીતલ મલમ અને દીનજનો માટે શકિતના સ્તંભ બનો. અંધજનો માટે નેત્ર અને માર્ગ ભૂલેલા ભટકતા પગ માટે પથદર્શક પ્રકાશ બનો. સત્યના મુખનાં આભૂષણ, નિષ્ઠાના શિરના મુકુટ, સદાચારના મંદિરના સ્તંભ, માનવજાતિના દેહના પ્રાણવાયુ, ન્યાયની સેનાઓના ધ્વજ, સદ્‌ગુણોના ક્ષિતિજના ઝગમગતા તારા, માનવ-હ્રદયની ધરતી માટે ઝાકળબિંદુ, જ્ઞાનના મહાસાગરના જહાજ, પ્રભુની અક્ષય સંપદાઓના ગગનના સૂર્ય, પ્રજ્ઞાના મુકુટના રત્ન, પોતાની પેઢીના આકાશના દેદીપ્યમાન પ્રકાશ, અને વિનમ્રતાના વૃક્ષના એક ફળ બની રહો''.

★★★

## ૧૦. જૈન ધર્મ

જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો :

૧. જગત અનાદિ અનંત છે.
૨. આત્મા અજર, અમર છે.
૩. આત્મા અનંત છે.
૪. આત્મા જ પરમાત્મા છે.
૫. આત્મા ચૈતન્ય છે.
૬. કર્મ જડ છે.
૭. આત્માની અશુદ્ધ સ્થિતિ એ સંસાર.
૮. આત્માની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા એ મોક્ષ.
૯. આત્માની અશુભ પ્રવૃત્તિ એ પાપ.
૧૦. આત્માની શુભ પ્રવૃત્તિ એ પુણ્ય.
૧૧. વિશુદ્ધ વીતરાગભાવ એ શ્રેષ્ઠ ધર્મ છે.
૧૨. ધર્મ-સાધનામાં જાતિ-ગોત્રનો કોઈ ભેદ નથી.

૧૩. અહિંસા જ ઉત્કૃષ્ટ માનવધર્મ છે.

**૧૪. સ્યાદ્વાદઃ** જૈન દર્શનનો મુખ્ય આધાર તેના સ્યાદ્વાદ, અનેકાંત, અહિંસા અને કર્મસિદ્ધાંત પર છે.

★★★

## ૧૧. સનાતન હિંદુ ધર્મ

હિંદુ ધર્મનું સારતત્ત્વ પ્રસ્થાનત્રયીમાં આવી જાય છે. પ્રસ્થાનત્રયી એટલે બ્રહ્મસૂત્ર, ઉપનિષદો અને શ્રીમદ્ ભગવદ્ગીતા.

**બ્રહ્મસૂત્ર** એ ભારતીય તત્ત્વજ્ઞાનનું ચરમ શૃંગ છે. બ્રહ્મસૂત્ર એટલે બ્રહ્મને અંગેના સૂત્ર. તેને વેદાંતદર્શન પણ કહે છે, કારણ કે એમાં વેદાંત અર્થાત્ વેદને અંતે આવેલાં ઉપનિષદોના અર્થનું વિવેચન કરવામાં આવેલું છે. આ બ્રહ્મસૂત્રો મહર્ષિ બાદરાયણની રચના છે. "બધાં શાસ્ત્રોએ જે કંઈ કહેવાનું છે તે બ્રહ્મસૂત્રમાં આવીને સમન્વિત થાય છે". બ્રહ્મસૂત્રમાં મૂળ ચાર અધ્યાય છે, અને દરેક અધ્યાયના ચાર ચાર પાદ છે.

- બ્રહ્મ એ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે. પરમાત્મા સૌના અંતરમાં વસતો હોવા છતાં એ નથી કર્તા કે ભોક્તા. એ જ પરમાત્મામાં સર્જન અને લય શક્તિ એકી સાથે વસે છે. પરમાત્મા સ્વયં જગદ્રૂપે પોતાની અનવગાહ્ય શક્તિએ વર્તી રહેલો છે. તે દેશ, કાળ, કારણના પરિચ્છેદથી અપરિચ્છિન્ન હોઈને સર્વથા અનંત છે.
- બ્રહ્મજ્ઞાન માનવ માત્રનો અધિકાર છે.

સાધના વિના સિદ્ધિ નથી, અને જેટલી સાધના તીવ્ર તેટલી સિદ્ધિ તીવ્ર. જીવની શિવરૂપે સ્વાભાવિક અનુભૂતિ થાય એ જ સાધનાનું ફળ. ધારો કે આત્મસાક્ષાત્કાર થયો, તો પછી તેની શી પરિણતિ? સંચિત અને ક્રિયમાણ કર્મો તથા પાપ-પુણ્ય બધાનો છેદ ઊડી જાય છે, ઉપરાંત પ્રારબ્ધ ભોગવવાની કલા હસ્તગત થાય. મુક્તાત્મા બ્રહ્મસ્વરૂપ થયેલો હોઈ એની પુનરાવૃત્તિ થતી નથી.

વેદાંત અને અન્ય શાસ્ત્રો વચ્ચે વિરોધ નથી; શાસ્ત્રો એ વેદાંતને પહોંચવાના અન્ય સોપાન છે.

**વેદઃ** ચાર વેદ છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. વેદોના સારરૂપ ઉપનિષદ છે.

**ઉપનિષદો :**

સાધારણતઃ ઉપનિષદોની સંખ્યા ૧૦૮ કહેવાય છે. કોઈ કહે છે કે બસો ઉપરાંતની તો તેની ગણત્રી થઈ છે. તેમાં

લગભગ દસ ઉપનિષદો મુખ્ય છે — ઈષ, કેન, પ્રશ્ન, કઠ, મણ્ડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, મુણ્ડક, છાન્દોગ્ય અને બૃહદારણ્યક. જગત વિષે તાત્ત્વિક દૃષ્ટિએ ખુલાસો આપવાના જે સૌ પ્રથમ પ્રયત્નો માનવજાતે કર્યા તે આ ગ્રંથોમાં સચવાયેલા છે.

ઉપનિષદોની ભાવના કર્મકાંડથી જુદી, એટલું જ નહિ પણ તેનો વિરોધ કરનારી છે. મુંડકોપનિષદમાં યજ્ઞયાગની વિધિઓ પર પ્રહાર કરવામાં આવ્યો છે. અને ત્યાં કહ્યું છે કે જે માણસ ક્રિયાકાંડની આ વિધિઓમાંથી ખરેખરું શ્રેય મેળવવાની આશા રાખે છે તે મૂઢ છે, અને તે ફરીફરી જરા અને મૃત્યુમાં ઘેરાવાનો છે.

ઉપનિષદોનો સૌથી અધિક વિકાસ પામેલો સિદ્ધાંત તે અદ્વૈતવાદ છે. ‘‘સર્વં ખલ્વિદં બ્રહ્મ’’. — આ બધું બ્રહ્મ છે. સામાન્ય રીતે આત્મા અને બ્રહ્મ પર્યાયરૂપે વપરાયા છે. આત્માના તેજથી જ આ બધું પ્રકાશે છે. આત્મા તે જ બ્રહ્મ એવું સમીકરણ ઋષિઓને જડી ગયું એટલે તેમના આનંદનો પાર ન રહ્યો. તેઓ લાંબા સમયથી એકત્વની જે શોધ કરતા હતા તેનો આખરી મુકામ અહીં આવી ગયો. ‘‘અહં બ્રહ્માસ્મિ’’ — હું બ્રહ્મ છું.

બ્રહ્મ જગતનું અધિષ્ઠાન છે. બ્રહ્મ જગતમાં વ્યાપેલું છે તેની સાથે તે જગતથી પર ને તેની પાર પણ છે.

‘‘વાણી અને મન’’ તેને (બ્રહ્મને) પ્રાપ્ત કરી શકતાં નથી, એટલે ત્યાંથી પાછાં ફરે છે, તે અજ્ઞેય છે. ઈશોપનિષદ બ્રહ્મ વિશે કહે છે : ‘‘તે હાલે છે; તે હાલતું નથી. તે દૂર છે; તે પાસે છે. તે આ સર્વની અંદર છે તેમ જ આ સર્વની બહાર પણ છે. ‘‘આ બ્રહ્મનો પોતાના આત્મામાં સાક્ષાત્કાર કરવો એ જીવનનો પરમ આદર્શ છે’’. ‘‘અહં બ્રહ્માસ્મિ’’ એ આખરી ચિંતન છે.

એ બ્રહ્મ સંબંધી મુંડકોપનિષદ કહે છે : ‘‘આ જે અક્ષર છે તે જોઈ શકાતું નથી, પકડી શકાતું નથી; તેને નામ નથી, રૂપ નથી, આંખ-કાન નથી, હાથ-પગ નથી; તે નિત્ય છે, વ્યાપક છે, સર્વત્ર ફેલાયેલું છે, અતિશય સૂક્ષ્મ છે. અને તેનામાં કશો ફેરફાર થતો નથી. ભૂતમાત્ર એમાંથી જ જન્મેલાં છે એમ ધીર પુરુષો માને છે’’.

**શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ**

ગીતા મહાભારતનું અંગ છે. તેને ઉપનિષદોનો સાર કહે છે. તેનો સંદેશ સાર્વભૌમ છે. તેમાં દાર્શનિક વિચારોનો ઉલ્લેખ વ્યવહાર-પક્ષને સબળ બનાવવા કરેલો છે. ગીતાની રચના થતી હતી ત્યારે અનેક વિરોધાત્મક વિચાર પ્રવર્તતા હતા. ગીતા એ બધામાં સત્યનો અંશ શોધે છે. એની પ્રધાન પ્રવૃત્તિ સમન્વયાત્મક રહી છે.

ગીતામાં દર્શાવેલ ઈશ્વર સગુણ, વ્યક્તિત્વપૂર્ણ અને ઉપાસનાનો વિષય છે, જો કે તેમાં નિર્ગુણ ઈશ્વરનો પણ સંકેત

છે. ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિને મોક્ષના માર્ગ કહ્યા છે.

**ગીતાની વાણીને થોડી આસ્વાદીએ :**

- ‘‘મનની કામના સર્વે છોડીને, આત્મામાં જ જે;
  રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.
- દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ;
  ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો.
- આસક્ત નહિ જે કયાંય, મળ્યે કાંઈ શુભાશુભ;
  ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
- કાચબો જેમ અંગોને, તેમ જે વિષયોથકી;
  સંકેલે ઇન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
- છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ;
  અહંતા-મમતા મૂકી, તે પામે શાંતિ, ભારત.
- આ છે બ્રહ્મદશા, એને પામ્યો ના મોહમાં પડે;
  અંતકાળેય તે રાખી બ્રહ્મનિર્વાણ મેળવે.
- જ્ઞાન, પ્રવૃત્તિ ને મોહ-તેના ધર્મો શરીરમાં;
  ઊઠે તો ન કરે દ્વેષ, શમે તો ન કરે સ્પૃહા.
- જે ઉદાસીન-શો વર્તે, ગુણોથી ચળતો નહીં;
  વર્તે ગુણો જ જાણીને, રહે સ્થિર ડગે નહીં.
- સમ દુઃખ-સુખે, સ્વસ્થ, સમલોષ્ટાશ્મકાંચન;
  સમ પ્રિયાપ્રિયે, ધીર, સમ નિંદા-વખાણમાં.
- સમ માનાપમાને જે, સમ જે શત્રુમિત્રમાં;
  સૌ કર્મારંભ છોડેલો, ગુણાતીત ગણાય તે.
- અવ્યભિચાર ભાવે જે ભક્તિયોગે મને ભજે;
  તે આ ગુણો કરી પાર, બ્રહ્મને પાત્ર થાય છે.
- અમૃત-અક્ષર-બ્રહ્મ, ને એકાંતિક જે સુખ;

તેમ શાશ્વત ધર્મો જે, સૌનો આધાર હું જ છું''.

ગીતાના ઉપદેશને અંતે અર્જુન કહે છેઃ ''હે કૃષ્ણ, આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો છે અને મને મારા શુદ્ધાત્માપદનું ભાન થયું છે. હવે હું સંશયરહિત થઈને સ્વસ્વરૂપમાં સ્થિત થયો છું. હવે હું આપની આજ્ઞાનું પાલન કરીશ''.

**ધર્મ-ફળ**

**દાદા ભગવાન કહે છે :**

''ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયોનું નિવારણ કરે એનું નામ 'ધર્મ'.'' લૌકિક ધર્મ એટલે લોકોએ માનેલો ધર્મ. એ શું શીખવે કે, 'ચોરી ના કરીશ, જૂઠું ના બોલીશ' વિગેરે. તે સદ્‌ગુણોના વિકાસ પર ભાર મૂકે છે. અશુભમાંથી શુભમાં આવવું એ લૌકિક ધર્મ, અને શુદ્ધમાં આવવું એ અલૌકિક ધર્મ. મોક્ષ જોઈતો હોય તો અલૌકિક ધર્મમાં આવવું પડશે.

'સ્વ-ધર્મ' એ જ સાચો ધર્મ છે. તે આત્મ-ધર્મ છે. તે જ અલૌકિક ધર્મ છે. અલૌકિક ધર્મમાં વાડા, પંથ, ગચ્છ ના હોય, ધજા ના હોય, ગ્રહણ-ત્યાગ ના હોય, મતભેદ ના હોય. તે નિષ્પક્ષપાતી હોય. મતમતાંતર છોડી, પક્ષા-પક્ષી છોડી, વાડાબંધી તોડી, જ્યારે તું કેન્દ્રમાં આવીશ ત્યારે જ અભેદ ચેતન ધામને પ્રાપ્ત કરીશ. દાદાશ્રી કહે છે કે, બધા ધર્મો પોતપોતાનાં દૃષ્ટિબિંદુએ કરીને સાચા છે, પણ સરખા નથી.

★★★

સર્વાંગી જીવન અંગે વિશેષ અભ્યાસ માટે HSRC નાં ગુજરાતી પ્રકાશન :

૧. સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન : પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ

૨. સર્વાંગી જીવનનું રહસ્ય

૩. સત્-સાધન જ્ઞાનામૃત

૪. જગતના વિદ્યમાન પ્રમુખ ધર્મોનો સારાંશ

# હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર, કામરેજ

## (વીતરાગ વિજ્ઞાન ચેરીટેબલ રિસર્ચ ફાઉન્ડેશન સંચાલિત)

**મહાવિદેહ તીર્થધામ, કામરેજ ચાર રસ્તા, તા. કામરેજ, જિ. સુરત – 394 185, Ph. (02621) 250750**
e-mail : hsrcsurat@gmail.com | website: www.holisticscience.org

## 'સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન' પ્રમાણપત્ર અભ્યાસક્રમ

**Certificate Course in Holistic Science of Life & Living (CCIHSLL)**

❋ **શા માટે ? Why ?**

- જીવન સાફલ્યના ચાર પ્રમુખ પાયા 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ'ના જ્ઞાન-વિજ્ઞાનના અભ્યાસ માટે.

❋ **આ કોર્સ કરવાના લાભ (Benefits)**

- જીવનમાં 'શાંતિ' અને 'સુખ'ને માણવા (Peace & Happiness)
- વિશ્વના અન્ય સમુદાય પ્રત્યે 'સંવાદિતા' વધે (Harmony)
- સર્વાંગી 'પ્રગતિ' અને 'સમૃદ્ધિ' માટે (Progress & Prosperity)
- સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ (Personality Development)
- સુખી કુટુંબ જીવન (Happy Family Life)
- સંસ્થાની લાયબ્રેરી તથા વાંચનાલયનો લાભ, સ્વ-અભ્યાસ માટે Library & Reading Lounge for Self Study)

❋ **આ કોર્સ ૧૮૦ દિવસનો રહેશે.**

- પ્રથમ સેમેસ્ટર(૯૦ દિવસ)માં 'ધર્મ અને અર્થ' અને બીજા સેમેસ્ટરમાં 'કામ અને મોક્ષ' સંબંધિત જ્ઞાન-વિજ્ઞાનનો સમાવેશ થશે. દરેક સેમેસ્ટર પછી પરીક્ષા લેવામાં આવશે તેમજ બંને સેમેસ્ટરોની પરીક્ષા પાસ કર્યા બાદ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

❋ **વિગતવાર માહિતી**

- આ કોર્સ ૧૮ વર્ષ કે તેથી ઉપરની કોઈપણ વ્યક્તિ કરી શકે.
- આ કોર્સમાં દર મહિને નવી બેચ શરૂ થશે જેથી વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ એડમીશન લઈ છ માસમાં કોર્સ પૂર્ણ કરી શકે.

➢ **રૂબરૂ માર્ગદર્શનઃ** (Counseling) દર મહિનાના બીજા શનિવારે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમ્યાન અને દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન.

❈ પ્રારંભિક વર્ષ નિમિત્તે ૨૦૧૮ દરમ્યાન આ કોર્સની કુલ ફી રૂા. ૯૦૦/- રહેશે, જેમાં અભ્યાસક્રમનાં પાંચ પુસ્તકો તથા અન્ય સાહિત્ય તેમજ સંસ્થાની લાઈબ્રેરી અને વાંચનાલયની છ માસિક સુવિધા પણ આપવામાં આવશે.

❈ આ કોર્સ ગુજરાતી, અંગ્રેજી અથવા હિન્દી ભાષાઓમાં થઈ શકશે.

❈ સુરત બહારના જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ પણ આ કોર્સમાં જોડાઈ શકે છે.

❈ આ CCIHSLL ના વિદ્યાર્થીઓ આ કોર્સની સાથે સાથે આ સંસ્થામાં પ્રવર્તમાન લકુલીશ યોગ યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત સર્ટિફિકેટ ઈન યોગ (CCIY) અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી માન્ય ડિપ્લોમા ઈન યોગ (DIY)માં પણ પ્રવેશ મેળવી શકશે.

★★★

❈ **સંસ્થા દ્વારા સંચાલિત અન્ય અભ્યાસક્રમ**

૧. લકુલીશ યોગ યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત સર્ટિફિકેટ કોર્સ ઈન યોગ (CCIY)
પ્રવેશ પ્રક્રિયાઃ ડિસેમ્બર માસ, ટર્મઃ જાન્યુઆરી થી જૂન
શૈક્ષણિક લાયકાતઃ ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ
વર્ગોઃ શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાઓ દરમ્યાન

૨. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત ડિપ્લોમા ઈન યોગ (DIY)
પ્રવેશ પ્રક્રિયાઃ જુલાઈ થી ઓગષ્ટ પ્રથમ સપ્તાહ, ટર્મઃ ઓગષ્ટ થી જુલાઈ
શૈક્ષણિક લાયકાતઃ ધોરણ ૧૨ પાસ કે તેથી વધુ
વર્ગોઃ શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાઓ દરમ્યાન

## :: Contact ::

Dr. Lalit Kachhadiya, Co-ordinator (CCIHSLL) M. 96389 79999
Ms. Sohini Shah, Co-ordinator (Yoga) M. 95748 19717
Ms. Alpa Bharuchwala, Jt. Co-ordinator (CCIHSLL) M. 74055 41838



'દાદા ભગવાન' તરીકે લોકહૃદયસ્થ મહાપુરૂષ શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલ(૧૯૦૮-૧૯૮૮) ગુજરાત રાજ્યમાં આણંદ પાસે ભાદરણ ગામના વતની હતા અને વડોદરા અને મુંબઈને કર્મભૂમિ બનાવીને કોંટ્રાક્ટર તરીકેનો વ્યવસાય કરતા હતા. બાળપણથી જ તેમને રોજબરોજના જીવનમાં જગતમાં પ્રવર્તી રહેલી જૂની માન્યતાઓ તેમજ આંતરિક માનવજીવનમાં ઝીણવટભરી તપાસ કરીને ખુલાસા મેળવવા માટે સર્વાંગી પદ્ધતિથી અન્વેષણ કરવાની રૂચિ હતી.

તેમને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-ત્રણ પર સને ૧૯૫૮માં જ્ઞાનપ્રકાશ ખૂબ જ સહજરૂપે પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ તેઓ માનવજીવન પ્રત્યે સાચી સમજ મેળવવા ઉત્સુક એવા જિજ્ઞાસુઓમાં ધીમે-ધીમે લોકવિખ્યાત થયા. વ્યાખ્યાનો આપવા કે સત્સંગો કરવા કરતાં તેમણે સત્યાન્વેષી જિજ્ઞાસુઓને વધારે ને વધારે પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કર્યા અને તેમને જિજ્ઞાસુઓ તરફથી સારો એવો પ્રતિસાદ પણ મળ્યો.

દાદા ભગવાન ખૂબ જ ખુલ્લા મનના માનવ હતા. તેમને જુદા-જુદા વિચારકો, દાર્શનિકો, વૈજ્ઞાનિકો અને જીવનના દરેક ક્ષેત્ર અને ધર્મના લોકો સાથે સંવાદ રચાતો હતો અને તેમના પ્રશ્નો સાથે જોડાયેલી વિવિધ માન્યતાઓ અને પ્રથાઓને માન આપીને દાદાશ્રી સુસંગત, તાર્કિક તથા વૈજ્ઞાનિક ખુલાસાઓ આપતા. પ્રતિકૂળતાઓ, સંઘર્ષો અને તાણના આ જમાનામાં કે જયારે આંતરિક વિકાસ માટે અનિવાર્ય એવી મનની સંવાદિતા અને કાર્ય છિન્નભિન્ન થઈ રહ્યાં છે ત્યારે જે જ્ઞાન તેમનામાં પ્રગટ થયું તે સિદ્ધાંતોની સાચી વૈજ્ઞાનિક સમજણ લાગુ પાડીને મનુષ્યમાત્ર સર્વાંગ-સુખી જીવન શૈલીનો આનંદ મેળવી શકે છે. તેઓ આપણને દરેક પરિસ્થિતિઓ અને સંજોગોમાં મનના સમાધાન સહિતની સમતુલા જાળવવાનું શીખવે છે, જે આપણા જીવનને સુગમ બનાવે છે.

H.S.R.C. સમસ્ત માનવજાતને સર્વાંગી સુખી જીવન માટેના સંસ્કારોનું આ વિજ્ઞાન પહોંચાડવાની મહેચ્છા ધરાવે છે.

# સંસ્થા દ્વારા કરાયેલ વિવિધ પ્રવૃત્તિઓ:

- ➢પુસ્તક, જર્નલ્સ, E_Magazines, E-Media વગેરેના સ્વરૂપમાં ૫૦ પ્રકાશન.
- ➢ **યોગ શિક્ષણ માટે સ્થપાયેલ કેન્દ્ર:**
  - ❖ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન યોગના અભ્યાસક્રમનો ડિપ્લોમા કોર્સ ચલાવવામાં આવે છે.
  - ❖ લકુલીશ યોગ યુનિવર્સિટી સંલગ્ન યોગનો સર્ટિફિકેટ કોર્સ ચલાવવામાં આવે છે.
- ➢ 'Center for Study and Education in Holistic Science of Life and Living' દ્વારા જીવનમૂલ્યો અને ચારિત્ર્ય નિર્માણક શિક્ષણ પર ૨૪ પ્રાદેશિક સેમિનાર સફળતાપૂર્વક કરેલ છે, જેમાં ૩૯૫૮ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લીધો.
- ➢ ૪ રાષ્ટ્રીય સેમિનાર કર્યા, જેમાં ૬૬૨ વિદ્વાનોએ સક્રિય ભાગ લીધો.
- ➢ અન્ય કુલ ૪૩ સેમિનાર, કાર્યશાળાઓ, સીમ્પોજીયા ગોઠવ્યા, જેમાં ૬૩૬૩ પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- ➢ અમેરિકામાં ઓકરીજ ખાતે આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજવામાં આવ્યો, જેમાં ૮૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- ➢ દાદા ભગવાન સાથેના સંવાદની અનેક કેસેટ્સ, ઓડિયો-વિડિયો/સીડી/ડીવીડીનું પાઠના રૂપમાં ટ્રાન્સક્રીપ્શન કરવામાં આવ્યું. અને શોધકાર્ય હાલ પ્રગતિમાં છે.
- ➢ તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૮ થી ૭મી જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન એશિયન ફિલોસોફી કોન્ફરન્સ અને ૯૨મી ઈન્ડિયન ફિલોસોફીકલ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૫ દેશોના ૪૨૫ વિદ્વાનોએ ભાગ લીધો. નવી દિલ્હી ખાતે તા. ૨૦-૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમ્યાન યોજાયેલ International Conference on Transformational Leadership સ્પોન્સર કરવામાં આવી.
- ➢ અમારી વેબસાઈટ્સ અને ગુગલ બ્લોગ વગેરે પર એક લાખથી વધુ મુલાકાતીઓ નોંધાયા છે.
- ➢ દાદા ભગવાન દ્વારા પ્રકાશમાન સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (Holistic Science of Life and Living) આધારિત વિશેષ વાર્ષિક વ્યાખ્યાનો Indian Philosophical Congress, અખિલ ભારતીય દર્શન પરિષદ અને અખિલ ભારતીય મહિલા દાર્શનિક પરિષદમાં યોજાઈ રહ્યાં છે.
- ➢ દાદા ભગવાન પ્રણીત સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (Holistic Science of Life and Living) વિષય પર Indian Philosophical Congressના આશ્રયે વાર્ષિક નિબંધ સ્પર્ધા યોજવામાં આવે છે.
- ➢ યોગ્ય વિદ્યાર્થીઓને વિભિન્ન સ્તરે શિક્ષણના ક્ષેત્રે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે.

# દાદા ભગવાન પ્રબોધિત નવ કલમો (ભાવ પ્રાર્થના)

**તમામ ધર્મશાસ્ત્રનો સાર** *(Essence of All Scriptures)*

૧. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય એવી સ્યાદ્‌વાદ વાણી, સ્યાદ્‌વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

૨. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાવાય એવી સ્યાદ્‌વાદ વાણી, સ્યાદ્‌વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

૩. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી ઉપદેશક, સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો.

૪. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે કિંચિત્ માત્ર પણ અભાવ, તિરસ્કાર ક્યારેય પણ ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૫. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા સાથે ક્યારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા ન બોલાય, ન બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. કોઈ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો મને મૃદુ, ઋજુ ભાષા બોલવાની શક્તિઓ આપો.

૬. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે - સ્ત્રી, પુરુષ અગર નપુસંક-ગમે તે લિંગધારી હોય, તો તેના સંબંધી કિંચિત્‌માત્ર પણ વિષય-વિકાર સંબંધી દોષો, ઈચ્છાઓ, ચેષ્ટાઓ, વિચાર સંબંધી દોષો ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો.

૭. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ રસમાં લુબ્ધપણું ન કરાય એવી શક્તિ આપો, સમરસી ખોરાક લેવાય એવી પરમ શક્તિ આપો.

૮. હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્માનો, પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાઓનો કોઈનોય કિંચિત્‌માત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૯. હે અંતર્યામી પરમાત્મા ! મને જગત્‌કલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

# ધર્મ

એટલે કોઈ પણ જીવને
કોઈ પણ પ્રકારે સુખ આપવું તે.
અને કોઈ પણ જીવને
કોઈ પણ પ્રકારે દુઃખ આપવું તે અધર્મ.

બસ, આટલો જ ધર્મનો અર્થ
સમજવાની જરૂર છે.

– દાદા ભગવાન